અપીલ અરજી નં.૩૩૯ તા.૧૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કૃષ્ણચંદ જગન્નાથ પાઠક
સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કૃષ્ણચંદ જગન્નાથ પાઠકની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી તા.૧૬–૧૨–૦૮ ના રોજ લેખિતમાં ગૌતમનગર, શિવદર્શનનગર અને ગાયત્રીનગર કો.ઓ.હા. સોસા. જેનો સર્વે નં.૧૬૮/૧ અને ૨ બ્લોક નં.૩૧૩ તેના પર રીઝર્વેશન દૂર કરવા માટે આપેલી. ત્યારબાદ એક હિન્દીમાં લખેલ આવેદનપત્ર તા.૧૬–૨–૦૯ નાં રોજ આપેલી અરજી સંદર્ભે શું પગલા લીધા? તથા તેમાં કયારે સર્વે કરવામાં આવ્યો? તથા રીઝર્વેશન દૂર કરવા સંદર્ભમાં કરેલ તમામ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૯/૨૦૦૯–૧૦

શ્રી કૃષ્ણચંદ જગન્નાથ પાઠકની તા.૨૪–૧૧–૦૯ નીઅરજીથી તા.૧૬–૧૨–૦૮ ના રોજ લેખિતમાં ગૌતમનગર, શિવદર્શનનગર અને ગાયત્રીનગર કો.ઓ.હા. સોસા. જેનો સર્વે નં.૧૬૮/૧ અને ૨ બ્લોક નં.૩૧૩ તેના પર રીઝર્વેશન દૂર કરવા માટે આપેલી. ત્યારબાદ એક હિન્દીમાં લખેલ આવેદનપત્ર તા.૧૬–૨–૦૯ નાં રોજ આપેલી અરજી સંદર્ભે શું પગલા લીધા? તથા તેમાં કયારે સર્વે કરવામાં આવ્યો? તથા રીઝર્વેશન દૂર કરવા સંદર્ભમાં કરેલ તમામ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગતો અને સંદર્ભ કાગળો રજૂ કરેલ ન હોય તથા માંગેલ માહિતી અંગે તા.૧૬–૨–૦૯ નો પત્ર સા.ઈ.ઝોન જણાવેલ તેના આધારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને આરટીઆઈ સેલ૧૧૮૫ તા.૨૦–૧–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ તથા અપીલમાં જણાવેલ વિગતે વિવિધ સત્તા મંડળને આપેલ અરજીની વિગત ધ્યાને લઈ આ અરજી કયા જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે તે વિગતો જણાવવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને લીંબાયતઝોન તરફથી તા.૯–૨–૧૦ ના રોજ પત્ર નં.૪૦૦૪ થી મળેલ પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/ આ.નં. ૩૯૭૮ તા.૬–૨–૧૦ થી ટાઉન પ્લાનર શ્રી મધ્યસ્થ શહેર વિકાસને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ રજૂ કરેલ છે. જેના અનુસંધાને નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૪ તા.૧૧–૨–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા બાબતે મ્યુ. કમિશ્નરશ્રીને સંબોધીને અરજી કરવામાં આવેલ. જે મ્યુ. કમિશ્નરશ્રીની કચેરીથી તપાસ કરતાં જણાવ્યા અનુસાર આ.નં.૧૧૨૫૦ તા.૧–૧૨–૦૯ થી ટાઉન પ્લાનીંગ વિભાગને મોકલવામાં આવેલ તેવું જણાવેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે પૂરક વિગતોમાં સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન આપેલી વિગતોમાં સદર અપીલ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી હોઈ સંપૂર્ણ રીતે સા.ઈ.ઝોન/ લીંબાયત/ આ.નં .૩૯૭૮ તા.૬–૨–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ પ્રતિ તબદીલ કર્યાની પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ પણ વિગતો પૂરી પડાયેલ હોય કે માહિતીનો ઈન્કાર આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ ના કોઈ અપવાદ હેઠળ અરજદારને જણાવેલ હોય તેની વિગતો અત્રે મોકલવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી અનેસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કૃષ્ણચંદ જગન્નાથ પાઠક,